**સ્પૈ.દિ.મુ.નં. ૦૭/૨૦૧૮**

## આંક ૧૮ થી રજુ અરજી લગત હુકમ

---

૧. હાલની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, હાલનો દાવો માત્ર કલેવર ડ્રાફટીગના આધારે લીમીટેશનની અંદર હોય તેવો આભાસ ઉભો કરેલો છે. વાદીઓએ તેઓની દાવા અરજીના પેરા ૨૦ (અ) માં જણાવેલ છે કે, ''અમારી સંમતિ કે જાણ વગર થયેલ મિલકતના વ્યવહાર અમોને બંધનકર્તા ન હોવાથી રદ કરી'' આ શબ્દો જોતા આ કામના વાદીએ પોતે અગાઉ જે ભાગ જતા કરેલ છે. દાવા અરજીના પેરા ૧૧ માં જણાવેલ છે કે, '' જાલુબેન તથા લાડુબેન અને પ્રતિવાદી બાબુભાઇ વિ.એ. રેવન્યુ રેર્કડમાં તથા અન્ય જગ્યાએ તદન ખોટી હકીકતો જણાવેલ હોવાનુ તાજેતરમાં રેવન્યુ રેર્કડ મેળવતા અમોને જાણ થયેલ છે'' આ તમામ હકીકતે આ કામના વાદી ધ્વારા વર્ષો અગાઉ જે એન્ટ્રીઓ તા.૧૪/૧૦/૭૭ થી એન્ટ્રી નં. ૨૧૮ પડેલ છે તે એન્ટ્રી પણ પડકારવામાં આવેલ છે. આ સંજોગોમાં ખુદ વાદીની દાવા અરજી ઉપરથી વાદીનો દાવો સ્પષ્ટપણે સમયમર્યાદાથી બાધીત હોવાનુ જણાય આવે છે. જેથી વાદીનો ાલનો દાવો સમયમર્યાદાથી બાધીત હોય સી.પી.સી. ઓ.૭ રૂલ ૧૧ અન્વયે રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

૨. વાદી પક્ષે હાલની અરજી સામે આંક ૧૯ થી લેખિત જવાબ રજુ કરી પ્રતિવાદી પક્ષની હાલની અરજીમાં કરવામાં આવેલ કથનાનો ઇન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, દાવા અરજી વાંચવામાં આવે કે અન્ય કોઇપણ પ્લીડીગ વાંચવામાં આવે કે અન્ય કોઇપણ પ્લીડીગ કે એવીડન્સ વાંચવામાં આવે તે પુરેપુરુ વાંચવામાં આવે, વચ્ચેથી કોઇપણ એક ટુકડો ઉપાડી રજુઆત થઇ શકે નહી. પ્રતિવાદી દાવા અરજીના પેરા ૭, ૧૩ અને ૧૪ અને વિગેરે પેરેગ્રાફમાં દર્શાવેલી હકીકતોને ધ્યાનમાં લેતા જ નથી. સમય મર્યાદાનો મુદો ટદ્રાયેબલ ઇસ્યુ છે. સમય મર્યાદાનો મુદો મીક્ષ કવેશ્ચન ઓફ ફેકટ અને લો છે. સી.પી.સી. ઓ. ૭ રૂલ ૧૧ (ડી) માત્ર અને માત્ર કાયદાથી દાવો રદ થવાપાત્ર કારણો ગ્રાહ્ય રાખી દાવા અરજી રદ કરવાની સત્તા કાયદો આપે છે. જેથી હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

3. હાલની અરજી પરત્વે પ્રતિવાદી પક્ષના વિ.વ.શ્રી. જે.એચ.ધમાણી અને વાદી પક્ષ તર્ફે વિ.વ.શ્રી. એસ.ડી.ચગલાણી ધ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાન પુર્વક સાંભળવામાં આવેલ છે. સદરહુ દલીલોના મુદાઓનુ પુનરાવર્તન ટાળવાના શુંભ હેતુથી સદર દલીલના મુદાઓનુ પુનઃ કથનો અહી લખવામાં આવેલ નથી. આ હુકમમાં હવે પછી સુંસંગત પ્રસંગે સદર દલીલોના મુદાઓની ચર્ચા કરવામાં આવેલ છે.

૪. હાલની અરજીના નિર્ણય સારુ દાવાઅરજી, રજુ થયેલ દસ્તાવેજી આધારો ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે.

૫. હાલની અરજીના નિર્ણય કરવા સારુ દાવા અરજીની વિગતો ધ્યાને લેવી જરૂરી બને છે. વાદીઓએ હાલનો દાવો માણાવદર તાલુકાના ભલચેડા ગામની સીમની ભોજાભાઇ આણંદભાઇ ધ્રાંગ્રાના હિન્દુ અવિભકત કુંટુંબની વડીલોપાર્જીત ખેતીની જમીનો, મકાનો, પ્લોટ વિગેરે સ્થાવર – જંગમ મીલકતોનુ ભાગ-હિસ્સા-, હદ – નિશાનથી અલગ કરી, વહેચણ યાને પાર્ટીશન કરી આપ વા અંગે તથા ડેકલેરેશન અને કાયમી મનાઇહુકમની દાદો મેળવવા દાખલ કરેલ છે. વાદીઓએ તેઓની દાવા અરજીમાં કરવામાં આવેલ તમામ પક્ષ નિવેદનોનુ પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ કથનો અહી પુનઃ લખવામાં આવેલ નથી. વાદીઓએ તેઓની દાવા અરજીના પેરા – ૭ માં કથન કરેલ છે કે, ‘‘ સીદાભાઇ ધ્રાગા તથા તેમની પત્ની જાલુબેન ગુજરી ગયા બાદ, પ્રતિ. નં. ૧ લાડુબેન એકલા સ્ત્રી માણસ હોય જેથી વાદીઓ તથા પ્રતિવાદીઓ તેમજ આહીર જ્ઞાતિના માણસો વચ્ચે મિલકતોના ભાગ પાડી નાખવા અને બધાને પોત પોતાનો હિસ્સો આપી દેવા વાટાઘાટો થયેલી પંરતુ પ્રતિ. નં. ૧ નો વ્યવહાર, વાણી અને વર્તન, ઇરાદો અલગ જણાતા અને ઘણા પ્રયત્નો પછી તેમનો ઇરાદો શુધ્ધ અને સારો નહી હોવાનુ જણાતા વાદી તરફથી દાવાવાળી મીલકતોની ખેતીની જમીનો વિગેરેનુ રેકર્ડ મેળવવા તજવીજ કરવામાં આવેલી અને વાદીઓને દાવાવાળી ખેતીની જમીનો વિગેરે અંગેનુ રેકર્ડ મળતા વાદીઓને જાણ થયેલ છે કે રેવન્યુ રેકર્ડમાં બધી બહેનોના નામ તેઓને કોઇપણ જાતનો ભાગ હિસ્સો આપ્યા વગર કમી કરાવી નાખવામાં આવેલ છે. હકીકતમાં બધી બહેનો અને ભાઇ વચ્ચે મીલકતના કોઇ ભાગ પડેલ નથી, અમે વાદીઓ,

બહેનોએ અમે અમારો હકક હિસ્સો જતો કરેલ નથી, રીલીઝ કરેલ નથી. ભાઇ બહેન વચ્ચે મીલકતોની વહેચણ, પાટી,શન થયેલ નથી. રેવન્યુ રેકર્ડડમાં પણ અમારો હકક જતો કરવા કોઇ સહીઓ - અંગુઠા કરેલ નથી'' દાવા અરજીના પેરા ૧૪ માં કથન કરવામાં આવેલ છે કે, '' આ દાવાનુ કારણ અમો વાદીઓએ રેવન્યુ રેર્કડની ખરી નકલો તાજેતરમાં મળેલી હોય ત્યાર થી તથા છેવટે પ્રતિ. નં. ૧ તથા પ્રતિ. નં. ૨ નાએ બધાના ભાગ હિસ્સા અલગ કરી આપવા ઘરમેળેની સમજુતીથી ભાગ પાડી લેવા જણાવતા ગઇ તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ પ્રતિ. નં. ૧ નો જણાવેલુ કે બધી મીલકતો તેમના નામે રેવન્યુ રેર્કડમાં ડી ગયેલ છે તેથી કોઇને મીલકત આપવાી નથી અને મીલકત આપવી હતી તેની પ્રતિ. નં. ૨ નાને જમીન આપેલી છે. બીજા કોઇને કાંઇ આપવાનુ થતુ નથી, જયાં જવુ હોય ત્યાં જાવ અને જે કોઇ કેસ, ફરીયાદ કરવી હોય તે કરૌ જેથી છેવટે આ દાવાનુ કારણ તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ થી ઉત્પન્ન થયેલ છે''

૬. ઉભય પક્ષકારોની રજુઆતો લક્ષે લીધી તથા તમામ કેસ પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે. હાલની અરજીના નિર્ણય સારુ સોપ્રથમ દિવાની કાર્યરીતી સંહિતાની ઓર્ડર ૭ રૂલ ૧૧ ના કાયદાના પ્રબંધો ધ્યાને લેવા જુરૂરી બને છે.

**<u>દિવાની કાર્યરીતી સંહિતા ઓર્ડર ૭ રૂલ ૧૧</u> :-**

(એ) દાવા અરજીમાં દાવાનુ કારણ જણાવવામાં આવેલ ન હોય.

(બી) જયારે દાદની કિમંત ઓછી આંકવામાં આવેલ હોય

(સી) જયારે દાદની કિમંત બરાબર આંકવામાં આવી હોય, પંરતુ દાવો ઓછા સ્ટેમ્પ પેપર પર લખવામાં આવેલ હોય અને અદાલતે વાદીને નિયત સમયમાં જરૂરી સ્ટેમ્પ પેપર પુરો પાડવા જણાવેલ હોવા છતાં વાદી તેમ કરવામાં નિષ્ફળ જાય.

(ડી) દાવા અરજીમાં લખેલ મજકુર ઉપરથી એમ જણાય કે, કોઇ કાયદાથી દાવો ચલાવવાનો બાધ આવે છે.

(ઇ) જયારે દાવા અરજી બે નકલમાં રજુ કરવામાં આવેલ ન હોય.

(એફ) જયારે વાદી ઓ. ૯ રૂ. ૨ અને ૩ ની જોગવાઇઓનુ પાલન કરવામાં નિષ્ફળ જાય ........... તો દાવા અરજી ના-મંજુર કરવી જોઇશે.

૭. દિવાની કાર્યરીતી સંહિતા ઓર્ડર ૭ રૂલ ૧૧ ના પ્રબંધો વંચાણે લેવામાં આવે તથા વિવિધ કેસ ચુકાદાઓમાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાતો લક્ષે લેવામાં આવે તો દિવાની કાર્યરીતી સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો નિર્ણય દાવાના કોઇપણ તબકકે થઇ શકે છે. દિવાની કાર્યરીતી સંહિતા ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળની અરજીનો નિર્ણય કરતી સમયે વાદી પક્ષ ધ્વારા તેમની દાવા અરજીમાં કરવામાં આવેલ પક્ષ નિવેદન જ ધ્યાને લેવાના હોય છે. દિવાની કાર્યરીતી સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો વિચારણા કરતી વખતે કાર્ટે દાવા અરજીમાં કરવામાં આવેલ દરેક નિવેદન( Averment ) નુ વિશ્લેષણ કરવુ જોઇએ. સદર પ્રતિપાદિત થયેલ સિધ્ધાતો લક્ષે લઇ હાલની અરજી તે પરિપ્રેશ્યમાં કેટલે અંશે આવે છે તે જોઇશું.

૮. પ્રતિવાદી પક્ષે વાદીના દાવાને સમય મર્યાદા કાયદાનો બાધ નડતો હોવાનુ કથન કરેલ છે પંરતુ પ્રતિવાદીએ હાલની અરજીમાં કે મૌખિક દલીલોમાં સમય મર્યાદાની કાયદાની જોગવાઇ કે સમય મર્યાદા કાયદાની આર્ટીકલ પરત્વે કોઇ રજુઆત કરેલ નથી.

૯. પક્ષકારોની રજુઆતો તથા પક્ષનિવેદનો લક્ષે લેતા તથા રજુ થયેલ દસ્તાવેજો લક્ષે લેતા દાવાવાળી મીલકતો મુળ ભોજાભાઇ આણંદભાઇના નામે નોધાયેલ હોવાનુ જણાય છે તથા માર્ક ૨૫/૩ થી રજુ થયેલ ગામનમુનો નં. ૬ નોધ નં. ૧૯૦ વંચાણે લેતા તા.૧૭/૦૫/૭૭ ના રોજ દાવાવાળી સર્વે નં. ૨૩, ૨૫, ૪૯, ૫૯ થી નોધાયેલ જમીનમાં સીદી ભોજા, રતનબેન, કડવીબેન, જીવુબેન, રામીબેનના નામો દાખલ થયેલ હોવાનુ જણાય આવે છે. માર્ક ૨૫/૪ થી રજુ થયેલ ગામ નમુનો નં. ૬ નોધ નં. ૨૧૮ વંચાણે લેતા તા.૧૪/૧૦/૭૭ ના રોજ રતનબેન, કડવીબેન, જીવુબેન તથા રામીબેન ભોજાએ તેમનો હકક હિસ્સો ઉઠાવી લેતા તથા કબુલાતો સાથે સીદી ભોજાએ બહેનોના નામ કમી કરવા અરજી કરતા નોધ કરેલ હોવાનુ કથન કરવામાં આવેલ છે. તમામ હકીકત તથા સંજોગો લક્ષે લેતા દાવાવાળી સર્વે નં. ૨૩, ૨૫, ૪૯, ૫૯ થી નોધાયેલ દાવાવાળી જમીનોના રેવન્યુ રેકોર્ડમાં વાદી નં. ૧, ૨ તથા વાદી નં. ૩ ગુજ. જીવીબેન તથા પ્રતિવાદી નં. ૩ ગુજ. રતનબેનના નામો દાખલ થયેલ હોવાનુ પ્રથમદર્શનીય જણાય આવે છે. ઉપરોકત પેરા નં. ૫ માં ચર્ચા કરી તે દાવા અરજીના કથનો વંચાણે લેતા વાદીઓએ પતોનો હકક હિસ્સો જતો કરેલ ન હોવાનુ કે મીલકતોની પાર્ટીશન કરેલ ન હોવાનુ નિવેદન કરેલ છે તથા દાવા અરજીના પેરા ૧૪ માં દાવાનુ કારણ

ઉત્પન્ન થવા અંગે વિગતવાર કથનો કરેલ હોવાનુ જણાય આવે છે. હાલના તબકકે પ્રસ્તુત દાવામાં રેર્કડ પર આ કામના વાદીઓએ તેઓનો હકક હિસ્સો ઉઠાવેલ હોય તેવુ લખાણ કે નોઘ નં. ૨૧૮ કહેવાતી જે કબુલાતને આઘારે પાડવામાં આવેલ છે તેવા કોઇ કબુલાતના પેપર્સ રેકર્ડ પર રજુ થયેલ નથી. તમામ હકીકતો તથા સંજોગો લક્ષે લેતા પ્રતિવાદી પક્ષ કથન કરે છે તે અનુસાર તા.૧૪/૧૦/૧૯૭૭ ના રોજ રેવન્યુ રેકોર્ડમાં પાડવામાં આવેલ નોઘ નં. ૨૧૮ પરત્વે વાદીઓને જાણ હોય અને વાદીઓની કબુલાત અને સંમતિને આઘારે જ તેઓના નામ કમી થયેલ હોય તે તમામ મુદા હકીકતના મુદા છે અને સદર મુદાઓ પરત્વે અનુમાન થઇ શકે તેમ નથી અને સદર હકીકતના મુદાઓ પરત્વે પુરાવો નોઘવો અનિવાર્ય બને છે અને પુરાવો નોઘ્યા બાદ જ સદર નોઘ નં. ૨૧૮ પરત્વે વાદીઓ સંપુર્ણ સભાન અને જાણતા હોવાનુ નિર્ણાયક તારણ આપી શકાય તેમ છે. માર્ક ૪/૮ થી રજુ થયેલ મરણપ્રમાણપત્ર વંચાણે લેતા વાદી નં. ૧, ૨, ૩ ના ભાઇ સીઘીભાઇ ભોજાભાઇનુ તા. ૨૬/૦૨/૨૦૧૪ ના રોજ અવશાન થયેલ હોવાનુ જણાય છે. આમ, તમામ હકીકત તથા સંજોગો લક્ષે લેતા પ્રસ્તુત દાવામાં વાદીઓના દાવાને સમયમર્યાદા કાયદાનો બાઘ નડતો હોવાનો મુદો હકીકત તથા કાયદાનો સંયુકત મુદો હોવાનુ ફલીત થાય છે અને પ્રસ્તુત દાવામાં પુરાવો નોઘ્યા વિના વાદીઓના દાવો સમયમર્યાદાર્મા ન હોવાનુ નિર્ણાયક તારણ આપી શકાય તેમ નથી. દાવાવાળી જમીનોના રેવન્યુ રેકોર્ડમા હાલમાં જેમના નામો દાખલ થયેલ છે તેઓના નામો દાખલ થયાને ૧૨ વર્ષ પુર્ણ થયેલ હોવાનુ પ્રથમદર્શનીય જણાયેલ નથી.

**૧૦.** પ્રતિવાદી પક્ષ તર્ફે રજુ રાખવામાં આવેલ નીચે મુજબના કેસ ચુકાદા માનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ઘ્વારા ચૌહાણ દાજીજી બલદેવજી વિ. પિથજી ગલાબજી ચૌહાણ અને બીજાઓના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૧૦ લો સ્યુટ (ગુજ) પાના નં. ૧૩૬૯ પર પ્રસિઘ્ઘ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, Hindu Law – Division of joint family property – Division wife-wise, if a Hindu father has two wives and he has three male children by the first wife and two by the second, each wife constituting a branch with her children of the family is a concept foreign to Hindu law – Held – It is well settled position that severance of status takes

place by mere indication of intention – Mere indication to separate and enjoy his share in severalty may amount to partition, it is a question of individual violation. - It is not necessary to say orally if it is acted upon – There is severance of joint status of the parries hold the property as tenant-in-common and not as joint tenants. If suit filed within limitation period division can be challenged on ground of inequality, unfairness, fraud etc.- Decree by lower appellate Court Dismissing suit confirmed. Suit for division of joint family Property and recovery of property from co-sharer question of limitation of period.-Suit filed after 67 years from division -Division wife-wise, is not necessary to say orally if is acted upon- Held – Court come to the conclusion that there is a clear and unequivocal evidence that possession of defendant Nos.1 to 4 is hostile and amounted to denial of title of plaintiff and defendant nos.5 to 11 – possession of the defendant was adverse for more than statutory period. Where a co-sharer after partition is in exclusive possession and enjoyment of the property allotted by partition for more than 12 years and there is clear and unchallenged evidence of open assertion of hostile title against other co-sharers, he acquires a good title by adverse possession even where he did not acquire exclusive title in law in the properties allotted to him. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત શીરોમાન્ય છે. પંરતુ હાલના તબકકે હાથ પરના કેસની હકીકત અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે.

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા DIGAMBAR ADHAR PATIL V/S DEVRAM GIRDHAR PATIL ના કેસમાં આપવામાં ચુકાદો કે જે ૧૯૯૫ લો સ્યુટ (એસ.સી) પાના નં. ૧૯૯૫ પર પ્રસિધ્ધ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, Family arrangement and partition - - Under Hindu Law, it is not necessary that the partition should be affected by a registered partition deed. Even a family arrangement is enough to effectuate the partition between the coparceners and to confer right to separate share and enjoyment thereof - - When the factum of partition was evidenced by entries in the record of rights maintained in official course of the business, it would corroborate the oral evidence regarding the partition - - Therefore, the brothers having separate possession in view of the partition entries in the

record of rights was competent to sell that portion of the land. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત શીરોમાન્ય છે. હાલના તબકકે હાથ પરના કેસનો અંતિમ નિર્ણય કરવાનો નથી. હાલના પ્રથમદર્શનીય તબકકામાં હાલની અરજીના નિર્ણય સારુ હાથ પરના કેસની હકીકત અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા BECHARBHAI ZAVERBHAI V/S JASHABHAI SHIVABHAI PATEL ના કેસમાં આપવામાં ચુકાદો કે જે ૨૦૧૨ લો સ્યુટ (ગુજ) પાના નં. ૧૪૧૩ પર પ્રસિધ્ધ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, Civil Procedure Code, 1908 – Order 7 Rule 11(d) – Plaintiffs have challenged the Registered Sale Deed dated 25-08-1975 in the year 2010 i.e. after a period of 35 years – the averments made in the plaint, it is found that the suit is barred of law of limitation, the plaint can be rejected in exercise of powers under Order VII Rule 11(d) of C.P.C. - Mere clever drafting in the plaint and by such vague averments and the pleading the cause of action in the plaint, the suit which is otherwise barred by the law of limitation cannot be brought within the period of limitation. - Whenever the document is registered the date of registration becomes the date deemed knowledge. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત શીરોમાન્ય છે. હાલના હાથ પરના કેસની હકીકત તથા ઉપરોકત કેસ ચુકાદાની હકીકત અલગ અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા SHASHIKANT NATVARLAL PATEL V/S ARVINDBHAI BHUPATBHAI GOHIL ના કેસમાં આપવામાં ચુકાદો કે જે ૨૦૦૯ લો સ્યુટ (ગુજ) પાના નં. ૭૫૯ પર પ્રસિધ્ધ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, Registration Act, 1908 – Sec 17(1)(b) & 53 – If the properties are distributed amongst the family members by way of family arrangement, it does not require any registration – Having signed the said agreement way back in 1985 it is not open for the appellants to challenge the said agreement in the present proceedings – Impugned order upheld. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત શીરોમાન્ય છે. હાલના તબકકે હાથ પરના કેસનો અંતિમ નિર્ણય કરવાનો નથી.

હાલના પ્રથમદર્શનીય તબકકામાં હાલની અરજીના નિર્ણય સારુ હાથ પરના કેસની હકીકત અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે.

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા LACHHMAN SINGH V/S HAZARA SINGH ના કેસમાં આપવામાં ચુકાદો કે જે ૨૦૦૮ લો સ્યુટ (એસ.સી) પાના નં. ૭૭૦ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદો માનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. સદર કેસ ચુકાદાની હકીકત તથા હાથ પરના કેસની હકીકત અલગ અલગ હોવાનુ નમ્રપણે માનવુ છે.

**૧૧.** વાદી પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ નીચે મુજબના કેસ ચુકાદાઓ ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે.

- નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા P.V.GURU RAJ REDDY V/S P.Neeradha REDDY ના કેસમાં આપવામાં ચુકાદો કે જે એ.આઇ.આર ૨૦૧૫ સુપ્રીમકોર્ટ પાના નં. ૨૪૮૫ પર પ્રસિધ્ધ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, Rejection of the plaint under Order VII rule 11 of the CPC is a drastic power conferred in the court to terminate a civil action at the threshold. The conditions precedent to the exercise of power under Order II rule 11, therefore, are stringent and have been consistently held to be so by the Court. It is the averments in the plaint that has to be read as a whole to find out whether it discloses a cause of action or whether the suit is barred under any law. At the stage of exercise of power under Order VII rule 11, the stand of the defendants in the written statement or in the application for rejection of the plaint is wholly immaterial. It is only if the averments in the plaint ex facie do not disclose a cause of action or on a reading thereof the suit appears to be barred under any law the plaint can be rejected. In all other situations, the claims will have to be adjudicated in the course of the trial. In the present case, reading the plaint as a whole and proceeding on the basis that the averments made therein are correct, which is what the Court is required to do, it cannot be said that the said pleadings ex facie discloses that the suit is barred by limitation or is barred under any other provision of law. The claim of the plaintiffs with regard to the knowledge of the essential facts

giving rise to the cause of action as pleaded will have to be accepted as correct. At the stage ofconsideration of the application under Order VII rule 11 the stand of the defendants in the written statement would be altogether irrelevant. Both the suits were filed in July 2002 which is well within three years of the date of knowledge, as claimed by the plaintiffs, of the fact that the property had not been transferred in the name of plaintiff No.2 by the defendants Nos. 1 and 2. The aforesaid averments made in the plaint will have to be accepted as correct for the purposes of consideration of the application under Order VII rule 11 filed by the defendants Nos. 1 and 2. If that be so, the averments in the plaint would not disclose that either of the suits is barred by limitation so as to justify rejection of the plaint under Order VII rule 11 of the CPC. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાત હાલના કેસમાં સુંસંગત હોવાનુ નમ્રપણે માનવુ છે.

- નામદાર સુપ્રીમકોર્ટ ઘ્વારા C.NATRAJAN V/S ASHIM BAI AND ORS ના કેસમાં આપવામાં ચુકાદો કે જે એ.આઇ.આર. ૨૦૦૮ એસ.સી. પાના નં. ૩૬૩ પર પ્રસિઘ્ઘ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, Question as to whether a suit is barred by limitation or not would depend upon facts and circumstances of each case – For the said purpose, only averments made in plaint are relevant – In present case, defendant did not accept that plaintiff was in possession – An issue in this behalf is required to be framed and is required to be gone into – Limitation would not commence unless there has been a clear and unequivocal threat to right claimed by plaintiff – Application for rejection of plaint on grounds raised herein was not maintainable. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાત હાલના કેસમાં સુંસંગત હોવાનુ નમ્રપણે માનવુ છે.

- નામદાર સુપ્રીમકોર્ટ ઘ્વારા Chhotanben V/S Kiritbhai Jalkrushnabhai Thakkar ના કેસમાં આપવામાં ચુકાદો કે જે ૨૦૧૮(૩) જી.એલ.એચ. પાના નં. ૩૩૮ પર પ્રસિઘ્ઘ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, What is relevant for answering the matter in issue in the context of the application under Order VII Rule 11(d), is

to examine the averments in the plaint. The plaint is required to be read as a whole. The defence available to the defendants or the plea taken by them in the written statement or any application filed by them cannot be the basis to decide the application under Order VII Rule 11(d). Only the averments in the plaint are germane. speicific plea in plaint of actual knowledge about fraudeulent sale deed having been derived in decenber 2012. held, the question of limitation is a triable issue in the facts of case. સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત હાલના કેસમાં સુંસંગત હોવાનુ નમ્રપણે માનવુ છે.

- નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા Aminabai Osman Bachu V/S Bakali Alimamad Bachu ના કેસમાં આપવામાં ચુકાદો કે જે ૨૦૧૧(૧) જી.એલ.એચ. પાના નં. ૯૪ પર પ્રસિધ્ધ થયેલ છે તે ચુકાદામાં ઠરાવેલ છે કે, There is another reason in not interfering with the judgment and decree passed by the lower Appellate Court and i.e. that the lower Appellate Court had appreciated the evidence on record, formulated necessary points for its decision and after examining oral as well as documentary evidence on record and after going through the judgment and decree passed by the Trial Court and applying the correct principles of law to the facts on record, the lower Appellate Court had arrived at the conclusion that the properties described in the plant are joint properties and the plaintiff had got one half share in them. A partition should be affected by the Trial Court and separate possession of one half share of the plaintiff is required to be handed over to him. The lower Appellate Court has also taken note of the fact and, therefore, observed that at the time of making partition by metes and bounds, the portion of land sold to defendant No.6 to be taken as fallen to the share of defendant Nos.1 to 5. The Appellate Court has also discussed the evidence relied upon by the Trial Court in support of its decision and hence it is observed that the trial Court seems to be impressed by the fact that property of Survey No.211/1 was running in the name of Usman Bachu and after his death in the name of his sons and hence there must be a partition. The lower Appellate Court has further observed that when there is no land running in the name of plaintiff exclusively in the revenue

record, the fact that the land was running in the name of his elder brother will not be sufficient to prove that the plaintiff has no share in it. The lower Appellate Court has further observed that when Usman Bachu has elder brother and he was actually cultivating the land as the plaintiff was serving at Jamnagar, if the revenue authority made the entries in his name, it cannot be said that co-owner's right of the plaintiff is lost. Simply because the entry in revenue record is in the name of defendants it cannot be assumed that the partition has already taken place, especially when there is no other property which is said to have gone to the share of the plaintiff during partition. The lower Appellate Court has, therefore, not agreed with the findings of the trial Court and held that the suit properties described in the plaint are joint properties and plaintiff has got one half share in the said properties.

- નામદાર દિલ્લી હાઇકોર્ટ દ્વારા Shri Narender Nath V/S Smt Krishna Gupta & ors (FAO (OS) 17/2013 ના કેસમાં આપવામાં ચુકાદાના પેરા ૦૯ માં ઠરાવેલ છે કે, The law of limitation does, *per se*, not prescribe any fixed time or period for filing of suit for partition in case of joint family property or jointly owned properties. Joint family properties, properties purchased in joint names or inherited can continue till partition is sought. Law does not prescribe any fixed time period in which a suit for partition must be fined by one joint owner against the other. (See ***Vidya Devi v. Prem Prakash,*** AIR 1995 SC 1789). A finding of the contrary would require elucidation and finding on several facts including the plea of ouster, etc. At this stage, it cannot be said that the suit for partition having been filed in 2011, is hit and barred by limitation on the said account. These aspects and disputed questions will be answered after evidence is led by the parties.

**૧૨.** આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત, સંજોગો તથા દાવા અરજીમાં કરવામાં આવેલ કથનો લક્ષે લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાતો લક્ષે લેતા પ્રસ્તુત કેસમાં વાદીઓએ દાવાવાળી મીલકતોમાં તા.૧૪/૧૦/૭૭ નારોજ

સ્વેચ્છાએ સંમતિ આપી તેઓના નામ કમી કરવા કબુલાત આપેલ હોય અને વાદીઓ સદર વિગત પરત્વે સંપુર્ણ સભાન હોય તેવા હકીકતના મુદા પરત્વે પુરાવો નોધ્યા વિના હાલના તબકકે નિર્ણાયક તારણ આપી શકાય તેમ નથી. જેથી પ્રસ્તુત દાવામાં વાદીઓના દાવાને સમય મર્યાદા કાયદાનો બાધ નડતો હોવાનો મુદદો હકીકત અને કાયદાનો સંયુકત (મીક્ષ) મુદદો હોવાનુ ફલીત થાય છે અને હાલના કેસમાં સદર મુદો ટ્રાયેબલ મુદદો હોવાનુ ફલીત થાય છે. જેથી હાલના તબકકે પ્રતિવાદી પક્ષની હાલની અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. હાલના દાવામાં મુદાઓના નિર્ધારણ સમયે વાદીઓના દાવાને સમયમર્યાદા કાયદાનો બાધ નડતો હોવાનો મુદાનુ નિર્ધારણ કરી પુરાવાના અંતે વાદીઓના દાવો સમય મર્યાદામાં દાખલ થયેલ છે કે કેમ તે અંગેનુ તારણ આપવુ ન્યાયોચીત જણાય આવે છે. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત તથા કાયદાની જોગવાઇ લક્ષે લેતા તથા પ્રતિપાદિત થયેલ સિધ્ધાતો લક્ષે લેતા હાલની અરજી પરત્વે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**: : હુકમ : :**

**૧.** પ્રતિવાદી પક્ષે રજુ થયેલ હાલની અરજી હાલના તબકકે નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**૨.** હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૦૬ માહે માર્ચ સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો

વંથલી

તા.૦૬/૦૩/૨૦૨૧

(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)
પ્રિન્સીપલ સીનયર સીવીલ જજ, વંથલી
જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭